ગાંધીનગર સમાચાર

# શાળા-મહાશાળાઓમાં ગુરુપૂર્ણિમાની ભાવપૂર્ણ ઉજવણી


રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સ


પ્રેરણા વિદ્યાલય


શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી


ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી



ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ


શેઠ એચ એમ સાર્વજનિક હાઈસ્કૂલ


એચવી અને વીએમ બાલમંદિર


જેએમપી ગોપાલક વિદ્યાસંકુલ


આરાધના વિદ્યાવિહાર


કેએસવી ફેકલ્ટી ઓફ એજ્યુકેશન


એસકે પટેલ કેજી સ્કૂલ


શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ


શાંતિનિકેતન પ્રાથમિક-માધ્યમિક શાળા

## જન્મદિને વધામણી


ગોસ્વામી સંજયભારતી
યુવા કથાકાર
મો. ૮૧૪૧૨ ૧૭૦૫૦


સુરેશભાઈ મહેતા
પૂર્વ નગરસેવક
મો. ૯૮૨૫૪ ૩૮૪૬૫


મિલનબેન કે વાળા
મો. ૯૬૬૪૮ ૭૮૯૨૭


મફતલાલ એસ પ્રજાપતિ
મો. ૯૮૨૪૫ ૬૮૪૧૮


યોગેશ સોલંકી
મો. ૭૦૧૬૧ ૫૯૫૫૨


નીર યોગેશકુમાર પટેલ
મો. ૯૪૨૭૪ ૦૯૨૯૩

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

### આત્મન ફાઉન્ડેશન દ્વારા આદર્શ નિવાસી કન્યા શાળામાં

# વિદ્યાર્થિનીઓને ચોપડા અને બોલપેનનું વિતરણ કરાયું





ગાંધીનગર, તા. ૧૬

શહેરની સેવાભાવી સંસ્થા આત્મન ફાઉન્ડેશન દ્વારા ગુરુ પૂર્ણિમા નિમિત્તે આજરોજ તા.૧૬-૭-૨૦૧૯ એ સેક્ટર - ૮, ગાંધીનગરની આદર્શ નિવાસી શાળા (અ.જા. કન્યા)માં વિવિધ કાર્યક્રમ યોજાયા હતાં. આત્મન દ્વારા ધો. ૮ થી ૧૨ની વિધ્યાર્થિનીઓ માટે ગુરુ પૂર્ણિમાનું મહત્વ વિષયક વક્તૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી, જેમાં ૧૧ બહેનોએ ભાગ લઈ સરસ રીતે પોતાના વિચારો રજૂ કર્યા હતાં.

એચ. બી. વરિયા, ભરતભાઈ કવિ અને પ્રજ્ઞાબેન પટેલે નિર્ણાયક તરીકેની સેવા આપી હતી. એક થી પાંચમા ક્રમે અહેઆલ રાધા, ભારતી વાઘેલા, ઈલા સોનારા, ભારતી મકવાણા અને અસ્મિતા રાઠોડ વિજેતા બન્યાં હતાં, જેમને ઈનામો આપવામાં આવ્યાં હતાં. શાળાની ૧૯૮ જેટલી તમામ વિદ્યાર્થીનીઓને ફૂલ્સકેપ ચોપડા અને બોલપેનનું વિતરણ સંસ્થા દ્વારા કરી તેમને પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

એચ.બી. વરિયા, ભરત કવિ, પ્રજ્ઞાબેન પટેલ, જયશ્રી ખેતિયાએ પ્રાસંગિક વકતવ્યમાં ગુરુ પૂર્ણિમા, અભ્યાસનું મહત્વ, સારા માનવી બનવાનું ઘડતર વગેરે વિશે વાત કરી હતી. કાર્યક્રમ પ્રારંભે વિદ્યાર્થીનીઓએ સરસ પ્રાર્થના, ગીત રજૂ કર્યા હતાં.શાળા પરિસરમાં સંસ્થાના સહયોગીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષારોપણ કરી, તેનું નામકરણ પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સુંદર સંચાલન શિક્ષિકા તેજલબેન બ્રહ્મભટ્ટ દ્વારા કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે દિવ્યાબેન વરિયા, શાળાના શિક્ષકો એસ.સી. પટેલ, આર.જી. ડામોર, એમ.કે. ગોસાઈ, વી.એસ.ઉપાધ્યાય વગેરેએ સરસ સહયોગ આપ્યો હતો. વિદ્યાર્થીનીઓએ પોતાનો આનંદ રજુ કર્યો હતો.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે ઉદયવલ્લભજીનું આગમન



ગાંધીનગર, તા. ૧૬

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે ઉદયવલ્લભજી મહારાજનું પાવન આગમન થયું હતું. કુલપતિ હર્ષદ પ્ર. શાહે મહારાજનો પરિચય આપ્યો હતો તથા તેમનું ભાવભીનું સ્વાગત કર્યું હતું.

મહારાજે ભારતીય સંસ્કૃતિ, માતૃભાષા, શિક્ષણ, યુવાનોમાં શ્રદ્ધા અને સ્વામી વિવેકાનંદજીના જીવન પ્રસંગોનો સમાવેશ પોતાના પ્રવચનમાં કર્યો હતો. તેમના શબ્દો સૌ શ્રોતાઓ માટે પ્રેરણાદાયી બની રહ્યા હતા.

પ્રવચનનો લાભ યુનિ.ના કુલપતિ, રજિસ્ટ્રાર તથા સમગ્ર સ્ટાફે લીધો હતો. કામધેનૂ યુનિવર્સિટીના નિયામક ડૉ. પ્રવીણ વાટલિયા, નિવૃત્ત સનદી અધિકારી ભાગ્યેશ જહા, આઈઆઈટીઈ અને સ્પોર્ટ્સ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ ઉપરાંત શહેરના ગણમાન્ય, ભાવિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.